તાપમાન
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૮૨ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૬૦ | ૨૦ ઓગસ્ટ, ૨૦૧૬, શનિવાર ; શ્રાવણ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# ઓલમ્પિકમાં સિન્ધુને સિલ્વર મેડલ

**રિયો ઓલમ્પિકમાં ભારતની મહિલા બેડમિંગ્ટન સિંગલ્સની ખેલાડી પીવી સિન્ધુએ રજત ચંદ્રક મેળવ્યો : ફાઈનલ મેચ સુધી પહોંચેલી સિન્ધુએ છેલ્લા સેટમાં રોમાંચક મુકાબલામાં ૨૧-૧૯થી બીજુ સ્થાન પ્રાપ્ત કર્યું : ભારતને વધુ એક ચંદ્રક મળતા દેશના રમતપ્રેમી નાગરિકોમાં ભારે ખુશી**

રિયોડી જેનેરિયો,તા. ૧૯

બેડમિંગ્ટન સ્ટાર પી.વી. સિન્ધુએ રિયો ઓલિમ્પિકમાં આજે નવો ઈતિહાસ સર્જ્યો હતો. અલબત્ત ફાઈનલમાં તે સ્પેનની નંબર વન ખેલાડી કેરોલીના મારીન સામે હારી ગઈ હતી અને સીલ્વર મેડલથી જ સંતોષ કરવાની તેને ફરજ પડી હતી પરંતુ તમામના દિલ પી.વી. સિન્ધુએ જીતી લીધા હતા. તેના કોચ પુલેલા ગોપીચંદ અને તે પોતે પણ ગોલ્ડ મેડલ જીતવા માટે આશાવાદી હતી પરંતુ ગોલ્ડ મેડલ જીતવામાં સફળતા મળી શકી ન હતી. વિશ્વમાં ૧૦મી ક્રમાંકિત સિન્ધુ કેરોલીના મારીન સામે ૨૧-૧૨, ૧૨-૨૧ અને ૧૫-૨૧થી હારી ગઈ હતી. રિયો સેન્ટ્રો ખાતે રમાયેલી આ મેચ જોવા માટે મોટી સંખ્યામાં ભારતીયો ઉપસ્થિત રહ્યા હતા. જાણકાર લોકોનું કહેવું છે કે પ્રથમ ક્રમાંકિત ખેલાડી સામે સિન્ધુએ શાનદાર રમત રમી હતી. મારીનને પણ ભારે મહેનત કરવી પડી હતી. રિયોમાં મારીનને હવે સુવર્ણ જીતવામાં સફળતા મળી છે. પરંતુ સિન્ધુ પણ ભારતના ગર્વને વધારવામાં સફળ રહી છે. સાઈના નહેવાલે એ ચાર વર્ષ અગાઉ લંડનમાં કાંસ્ય ચંદ્રક જીતવામાં સફળતા મેળવી હતી.

અગાઉ રિયો ઓલિમ્પિકમાં ભારતીય બેડમિન્ટન સ્ટાર પીવી સિન્ધુએ ફાઈનલમાં પહોંચીને નવી આશા જગાવી હતી. સેમીફાઈનલમાં જીત મેળવી લીધા બાદ સિન્ધુએ કહ્યુ હતું કે તે સુવર્ણ ચન્દ્રક જીતવા માટે પુરી તાકાત લગાવી દેશે. પરંતુ આજે ફાઈનલમાં તેની હરીફ ખેલાડી તેના કરતા વધારે શક્તિશાળી પુરવાર થઈ હતી. વિશ્વ ચેમ્પિનશીપમાં બે વખત કાસ્ય ચન્દ્રક જીતી ચુકેલી સિન્ધુએ ૪૯ મિનિટ સુધી ચાલેલી સેમીફાઈનલમાં જાપાનની ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયન નોજોમી ઓકુહારાને ૨૧-૧૯, ૨૧-૧૦થી હાર આપી હતી. આની સાથે જ હવે સુવર્ણ ચન્દ્રક જીતવા માટેની આશા જાગી હતી. દુનિયાની ૧૦મી ક્રમાંકિત ખેલાડી સિન્ધુ ફાઈનલમાં બે વખતની વિશ્વ ચેમ્પિયન અને ટોપની ખેલાડી સ્પેનની કેરોલિના મારિનની સામે ટકરાઈ હતી. અગાઉ મહિલા કુસ્તીબાજ સાક્ષી મલિકે ૫૮ કિલોગ્રામ ફ્રી સ્ટાઈલમાં ભારત માટે કાસ્ય જીતી લીધા બાદ સિન્ધુએ હવે ભારત માટે વધુ એક ચન્દ્રકને નિશ્ચિત કરવામાં સફળતા મેળવી ચુકી હતી પરંતુ તે ગોલ્ડ જીતશે કે કેમ તેને લઈને સસ્પેન્સની સ્થિતિ હતી. સિન્ધુની સેમીફાઈનલમાં જીત બાદ રાષ્ટ્રીય કોચ પુલેલા ગોપીચંદે પણ કહ્યું હતું કે સિન્ધુ સર્વશ્રેષ્ઠ દેખાવ કરવા માટે સક્ષમ છે. સિન્ધુની સફળતા પહેલા ભારતની સાક્ષી મલિકે રિયો ઓલિમ્પિકમાં આખરે ઈતિહાસ સર્જવામાં સફળતા મેળવી લીધી હતી. તે ભારત તરફથી કુસ્તીમાં ચન્દ્ર જીતનાર પ્રથમ ભારતીય મહિલા કુસ્તીબાજ બની ગઈ હતી. માલિકે ૫૮ કિલોગ્રામ ફ્રી સ્ટાઈલ કુસ્તીમાં રેપશાજ મારફતે બ્રોન્જ મેડલ જીતી લેવામાં સફળતા મેળવી હતી.




# નરસિંહ યાદવ પર આખરે ચાર વર્ષનો પ્રતિબંધ

**ભારતની વધુ એક ચંદ્રકની આશા ઉપર આખરે પાણી ફરી વળ્યું : ભારતીય કુશ્તીબાજ નરસિંહ યાદવ પર ડોપીંગના આરોપમાં વાડાની અપીલ પર સુનાવણી કરતી વેળા સીએસીના કડક આદેશ**

રિયોડી જેનેરો, તા.૧૯

રિયો ડીજેનેરોથી ભારત માટે ખરાબ સમાચાર છે. ભારતીય કુસ્તીબાજ નરસિંહ યાદવ પર ડોપિંગના આરોપોમાં વાડાની અપીલ પર સુનાવણી ચલાવતી વેળા કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટસ દ્વારા ચાર વર્ષનો પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે. આની સાથે જ ભારત માટે ચન્દ્રકની આશા પર પાણી ફરી વળ્યુ છે. નરસિંહ યાદવ હવે રિયો ઓલિમ્પિકમાં ભાગ લઈ શકશે નહી. શુક્રવારના દિવસે ૭૪ કિલોગ્રામ વર્ગમાં ક્વાલિફિકેશન મુકાબલામાં નરસિંહનો સામનો ફ્રાન્સના જેલિમખાનથી થનાર હતો. પરંતુ મુકાબલા પહેલાથી સીએએસ દ્વારા ચુકાદો આપી દેવામાં આવ્યો હતો. જેથી નરસિંહ પર ચાર વર્ષનો પ્રતિબંધ

● અનુસંધાન પાન-૭ પર

# પાકિસ્તાની નાગરિક જાસુસીમાં પકડાયો

**સંયુક્ત પૂછપરછ માટે ઝડપાયેલા શખ્સને જયપુર લવાયો**

જયપુર, તા.૧૯

આઈએસઆઈ તરફથી જાસૂસી કરવાના આરોપસર રાજસ્થાનના જેસલમેરમાં ભારત-પાકિસ્તાન સરહદ નજીક એક પાકિસ્તાની નાગરિકની ધરપક કરવામાં આવી છે. તેની પાસેથી કેટલાક વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા છે. આ શખ્સે આરડીએક્સ સહિત વિસ્ફોટકનો જથ્થો લાવવાની બાબત પણ કબુલી છે. પોલીસે તેની પાસેથી કેટલીક સંવેદનશીલ ગુપ્ત માહિતી મેળવી હોવાનો દાવો કર્યો

● અનુસંધાન પાન-૭ પર


## પ્રવેશ જાહેરાત-૨૦૧૬

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે**

અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગર દ્વારા અમલી અને ICA Eduskills Pvt. Ltd. સંચાલિત સંત શિરોમણી શ્રી રવિદાસ ઉચ્ચ કૌશલ્ય વર્ધક તાલીમ યોજના અંતર્ગત વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ ચાલુ છે. આથી અનુસૂચિત જાતિના ઉમેદવારોને પ્રવેશ આમંત્રિત કરવામાં આવે છે.

**કોમ્પ્યુટરાઈઝ્ડ એકાઉન્ટીંગ, ફાઈનાન્સ અને ટેક્સેશન**

કોર્ષ સમયગાળો : ૪ મહિના

**ઉમેદવારની લાયકાત :-**

(૧) અનુસૂચિત જાતિના ઉમેદવાર (૨) ઉંમર : ૧૮ થી ૩૫ વર્ષ
(૩) ધોરણ-૧૨ પાસ (૪) કુટુંબની વાર્ષિક આવક ૪.૫ લાખથી ઓછી

**યોજના અંતર્ગત મળતા લાભો :**

● વિના મૂલ્યે તાલીમ ● વિનામૂલ્યે પુસ્તકો ● વિના મૂલ્યે જમવાની વ્યવસ્થા ● વિના મૂલ્યે રોજગારીની તકો ● ૩૦ કિ.મી. કરતાં વધારે દૂર રહેતા વિદ્યાર્થીઓ માટે રહેવાની સુવિધા

અમદાવાદ : ICA-૧૨૨, સર્જન-૨, પંજાબ નેશનલ બેંકની બાજુમાં, ન્યુ સી.જી. રોડ, ચાંદખેડા, મો. : ૯૭૧૪૬ ૭૨૪૮૫


# વિધાનસભા અધ્યક્ષપદે રમણલાલ વોરા નિશ્ચિત

**આજે અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ પદ માટે ભાજપ કોર કમિટિની બેઠકમાં નિર્ણય કરાશે : આવતીકાલે વિધાનસભા સત્રના પ્રથમ દિવસે ઉમેદવારીપત્ર ભરાશે : અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બંનેની ચૂંટણી સત્રના પ્રથમ દિવસ સોમવારે યોજાશે**

ગાંધીનગર, તા. ૧૯

ભારતીય જનતા પાર્ટીની કોર કમિટિની બેઠકમાં વિધાનસભા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ માટેનો નિર્ણય શનિવારે બપોર સુધીમાં લેવાય જશે. રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલા, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા જેવા દિગ્ગજ નેતાઓ સાથે મળી નામો અંગે નિર્ણય કરશે.

નિકટવર્તી સૂત્રોના જણાવ્યા મુજબ પૂર્વ મંત્રી શ્રી રમણલાલ વોરાનું નામ અધ્યક્ષ પદ માટે નિશ્ચિત છે. ઉપાધ્યક્ષ માટે મહિલાના નામનો વિચાર ચાલી રહ્યાનું પણ જાણવા મળે છે. જોકે બે-ત્રણ નામોમાં તીવ્ર સ્પર્ધા હોવાથી હજુ સર્વાનુમતી સધાઈ હોય એમ જણાતું નથી.



ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ પદ માટે ભાજપના બે ઉમેદવારો આવતીકાલે ૧૧ વાગ્યે પોતાના ઉમેદવારી પત્રો ભરશે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ખાલી પડેલી જગ્યાઓ માટે ૨૨મીના રોજ મળનારી વિધાનસભા સત્રના પ્રથમ દિને ચૂંટણી યોજાનાર છે.

વિધાનસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ માટે ભાજપના ઉમેદવારો આવતીકાલે ઉમેદવારી પત્રો ભરશે. વિધાનસભાના અધ્યક્ષ પદ માટે પૂર્વ મંત્રી રમણભાઈ વોરાનું નામ લગભગ નિશ્ચિત મનાઈ રહ્યું છે અને આવતીકાલે તેઓ અધ્યક્ષપદ માટે ઉમેદવારી પત્ર ભરે તેવી શક્યતા છે.

જ્યારે વિધાનસભાના ઉપાધ્યક્ષ પદ માટે આવતીકાલે નામ નક્કી કરીને ભાજપ દ્વારા જાહેર કરવામાં આવશે.

# ઈમ્પેકટ કેસોના નિકાલ માટે માર્ચ સુધી મુદતને લંબાવાઈ

ગાંધીનગર, તા. ૧૯

રાજ્ય સરકાર દ્વારા ગુજરાત અર્બન એકટ-૨૦૧૧ લાગૂ કર્યા બાદ રાજ્યમાં અમદાવાદ સહીત અન્ય સાત મહાનગરપાલિકાઓમાં બંધાઈ ગયેલા ગેરકાયદેસર બાંધકામોને કાયદેસર બનાવવા માટે પસાર કરવામાં આવેલા ઈમ્પેકટફી ભરીને ગેરકાયદેસર બાંધકામને કાયદેસરતા બક્ષવા મામલે વધુ એક વખત મુદતમાં વધારો કરીને ગેરકાયદેસર બાંધકામોને નિયમિત કરવા માટેની અંતિમ તારીખ હવે ૩૧ માર્ચ-૨૦૧૭ જાહેર કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગત મુજબ,રાજ્ય સરકાર દ્વારા ઈમ્પેકટનો કાયદો અમલમાં મુક્યા બાદ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ, જામનગર, ગાંધીનગર અને વડોદરા જેવા મહાનગરોમાં બંધાઈ ગયેલા ગેરકાયદેસર બાંધકામોને નિયમિત કરવા માટે વખતોવખત ઈમ્પેકટફી ભરી અને ગેરકાયદેસર બાંધકામોને નિયમિત કરવાની મુદતમાં વધારો કર્યો હતો. રાજ્ય સરકારે છેલ્લે આ મુદત ૧૮મી ઓગસ્ટ-૨૦૧૬ સુધી લંબાવી હતી. આજે રાજ્યના નાયબ મુખ્યમંત્રી

● અનુસંધાન પાન-૭ પર





## આયુર્વેદિક દવાઓ

Himalaya HERBAL HEALTHCARE | ZANDU | NAGARJUNA | BAN Since 1966 | VASU Healthcare Pvt. Ltd. | पतंजलि | Baidyanath | Dabur | SANDU | Charak

**આયુર્વેદિક નિદાન કેમ્પ**
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા

MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415

## VAIBHAV FURNISHINGS INC.

RETAIL SHOWROOM & FACTORY OUTLET



D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT

• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS

Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151

Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

## ROOPKALA

The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225